**<u>સરકારી વી.આઈ.પી. સમારોહ માટે હંગામી ધોરણે વિજળીકરણ, જનરેટર, એ.સી.સિસ્ટમ, સાઉન્ડ સિસ્ટમ, એલ.ઈ.ડી., મલ્ટીમીડીયા, લાઈવ વિડીયોગ્રાફી માટેનાં ભાવપત્રકની શરતો</u>**

1. આ ટેન્ડર ભવિષ્યમાં તાત્કાલીક કામગીરી કરવાની જરૂર પડે ત્યારે કામ કરાવવા માટે બનાવેલ છે. જયારે કામની જરૂરીયાત ઉભી થશે ત્યારે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા તાકીદે મંજુરી આપ્યા પછી બહાલી માટે દરખાસ્ત વિભાગીય કચેરીને રજુ કરી વિભાગીય કચેરીની મંજુરી મેળવી કામ કરાવવામાં આવશે.

2. અમદાવાદ વિદ્યુત (મા મ) વિભાગ નં. ૧ , અમદાવાદ હસ્તકનાં જુદા જુદા સ્થળોએ જે તે સમયે આયોજીત સરકારી સમારોહ દરમ્યાન હંગામી ધોરણે લાઈટીંગ, જનરેટર, એ.સી.સિસ્ટમ, સાઉન્ડ સિસ્ટમ, એલ.ઈ.ડી., મલ્ટીમીડીયા, લાઈવ વિડીયોગ્રાફી વિગેરેની કામગીરી કાર્યક્રમનાં આગળનાં દિવસે ૧૦:૦૦ કલાક પહેલા સંપૂર્ણપણે પૂર્ણ કરી કબજો સંબધીત ખાતાને/ ઈન્ચાર્જને ચેક કરાવવાનાં રહેશે. અન્યથા સરકારશ્રીનાં પ્રવર્તમાન નિયમોનુસારની પેનલ્ટી કરવામાં આવશે.

3. ઈજારદાર વી.આઈ.પી./ વી.વી.આઈ.પી. પ્રોગ્રામની કામગીરીનાં અનુભવ ધરાવતા હોવા જોઈએ. અને તેનાં સમર્થનમાં જરૂરી ફોર્મ – ૩એ/ કામ પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારીશ્રીના સહિ સિક્કાવાળા જ ઓનલાઈન સ્કેન કરવાનાં રહેશે.

4. જરૂરીયાત મુજબનો હંગામી લાઈટીંગ, જનરેટર, એ.સી.સિસ્ટમ, સાઉન્ડ સિસ્ટમ, એલ.ઈ.ડી., મલ્ટીમીડીયા, લાઈવ વિડીયોગ્રાફી માલ-સામાન નીચે સહી કરનાર અધિકારી તથા અધિકૃત અધિકારીની સુચનાં મુજબનાં જે તે સ્થળે, સમયે, સમય મર્યાદામાં તાત્કાલીક મોકલવાનો રહેશે. હંગામી લાઈટીંગ, જનરેટર, એ.સી.સિસ્ટમનાં માલ-સામાન લાવવા લઈ જવાનો સઘળો ખર્ચભાવ ભરનારે ભોગવવાનો રહેશે. કરારનામાની “શરત – ૧” મુજબ સમય મર્યાદામાં કામ નહી થતાં અરજદાર દ્વારા કોઈપણ જાતની લેખીત જાણ કર્યા સિવાય મુળ ઈજારદારનાં ખર્ચે અને જોખમે અન્ય એજન્સી પાસે કામ કરાવી લેવામાં આવશે.

5. કામનો વર્ક ઓર્ડર આપ્યે તુર્તજ કામ શરૂ કરવાનું રહેશે.

6. બાનાની રકમ જાહેર નિવિદામાં જણાવ્યા અનુસારની એફ.ડી.આર. અમદાવાદ વિદ્યુત (મા મ) વિભાગ નં. ૧ , અમદાવાદનાં નામે રાષ્ટ્રીયકૃત કે શીડ્યુલ બેંકની એફ.ડી.આર. ભાવપત્રક સાથે જોડવાની રહેશે તે સિવાય ભાવપત્રક રદ બાતલ ગણાશે.

7. સરકારશ્રીના વખતો વખત નિયમો ઠેકેદારશ્રીને બંધનકર્તા રહેશે.

8. કોઈપણ એક કે બધા ટેન્ડર્સ કોઈપણ કારણ દર્શાવ્યા સિવાયનાં મંજુર કરવાનાં હક્ક અબાધિત રાખવામાં આવે છે.

9. સદર ટેન્ડરમાં એજન્સીઓએ ભરેલા ભાવ પૈકી જે એજન્સીના ભાવ સૌથી નીચા એટલે કે L1 તરીકે આવશે તે ભાવે કામ કરવા બાકીની તમામ એજન્સીએ સહમતી આપવાની રહેશે. ત્યારબાદ સહમતી મળેલ એજન્સીઓની વાર્ષિક ભાવની પેનલમાં સમાવેશ કરવામાં આવશે. જે એજન્સી L1 તરિકે આવેલ એજન્સીના ભાવે કામકરવાની સહમતી દર્શાવશે નહી, તેનો વાર્ષિક ભાવની પેનલમાં સમાવેશ કરવામાં આવશે નહીં.

10. ઉપરોક્ત ભાવ પત્રકો ની શરતો ઉપરાંત વાર્ષિક ભાવની પેનલમાં સમાવિષ્ટ ઠેકેદાર શ્રી એ આ સાથે સામેલ SBD મુજબ જે તે પેટા વિભાગ / વિભાગ સાથે પ્રત્યેક કામ મુજબ અલગથી કરાર કરવાનો રહેશે જેમાં SBD માં દર્શાવેલ નિયમોનું પાલન કરાર તેમજ કામગીરી વખતે ઠેકેદારશ્રી એ કરવાનું રહેશે.(ફક્ત જાણકારી હેતુ SBDની નકલ સામેલ છે.)

11. આ કામ માટે PQ માં માંગેલ પત્રકો જોડવાના રહેશે. સદરહું પત્રકો/ પ્રમાણપત્રકો જોડેલ ન હોય અથવા અસ્પષ્ટ ના વંચાય તેવા પત્રકો બિડેલા હશે તો તેને ધ્યાને લેવામાં આવશે નહિ. તો તેના ભાવો પત્રકો ખોલવામાં આવશે નહીં તે અંગેની નોંધ લેવી.

12. કરારના સમયગાળા દરમ્યાન સરકારશ્રી દ્વારા એસ ભાવના થયેલ મંજૂર મુજબ તે તો આવશે કરવામાં ઘટાડો ભાવ આરમાં.ઓ. પણ આઈટમોને કરારની સદર ઘટાડો ભાવ થનાર પ્રપોર્શનમાંલાગુ કરવામાં આવશે અને તે બાબત ઈજારદારને ગ્રાહ્ય રહેશે અને તેમાં કોઈપણ વાંધો લઇ શકાશે નહી.

13. કરારમાં સમાવિષ્ટ ના હોય તેવી આઇટમો કરવાની થાય તો એજન્સીએ સ્થળ કે સમયને લક્ષમાં લિધા સિવાય સુચના અનુસાર કરવાની રહેશે ચુકવણું જેનું.(સક્ષમ કક્ષાએથી મંજૂર થયે) અઇ..શ્રી વિદ્યુત, વર્તુળ કચેરી, ગાંધીનગર દ્વારા મંજૂર થયેલ ભાવ અને અત્રેથી મંજૂર કરવામાં આવનાર સદર કરારના ભાવોના પ્રપોર્શન મુજબ કરવામાં આવશે કોઈપણ તેમાં અને રહેશે ગ્રાહ્ય ઈજારદારને બાબત તે અને . .નહી શકાશે લઇ વાંધો

14. કાર્યક્રમ દરમ્યાન કાર્યક્રમ સ્થળે મુખ્ય ઈજારદાર તથા નિર્દેશિત સુપરવાઇઝરે હાજર રહેવાનું રહેશે.

15. કાર્યક્રમ સ્થળે કાર્યક્રમની તૈયારી દરમ્યાન ઈજારદારે ક્વોલીફાઇડ ઇજનેરની નિમાણુંક કરવાની રહેશે. ઇજનેરની તમામ વખતે હાજરી હોવી ફરજીયાત રહેશે.

16. કાર્યક્રમ સ્થળે ગોઠવેલા જનરેટર સેટ, ચેંજ ઓવર અને ડીસ્ટ્રીબ્યુશન પેનલ પાસે વાયરમેનની ડયુટી ગોઠવી તેના સંપર્ક માટે અલાયદી સંચાર વ્યવસ્થા ગોઠવી અત્રેની કચેરીએ આપવાની રહેશે.

17. કામગીરી કરાવનાર ઈજારદારશ્રીએ તેમનું કામ નિમાણુંક સુપરવાઇઝર ની દેખરેખ હેઠળ કરાવવાનું રહેશે. તેમજ કામપૂર્ણ થયે થી ઠેકેદાર અને સુપરવાઇઝરની સહી થી કામગીરી સુરક્ષિત અને કાર્યક્ષમ હોવા અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. તેમ કરવામાં નિષ્ફળ ગયેથી કાર્યક્રમ દરમ્યાન કોઇ પણ સમસ્યા સર્જાય તો સમસ્યા ને આધિન કપાત બીલ માંથી  કરવામાં આવશે.

18. હેગીંગ તમામ ઈલેક્ટ્રીકલ વસ્તુઓનું મજબુતાઈ અંગેનું પ્રમાણપત્ર કાર્યક્રમ પહેલાં સુપરવાઇઝરની સહી સાથેનું જમાં કરાવવાનું રહેશે.

19. ઈજારદારશ્રીએ કાર્યક્રમનો વીમો તેમજ જરૂરી તમામ થર્ડ પાર્ટી એક્સીડેંટલ વિમા પોલીસી એડવાન્સમાં (કામગીરી શરૂ કરતા પહેલા) રજુ કરવાની  રહેશે .

20. કોઈપણ શરતી ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી.

21. જે ઠેકેદારનાં ટેન્ડર મંજુર કરવામાં આવશે તેમની ભરેલ ડીપોઝીટ જમાં રાખવામાં આવશે અને તે રકમ ટેન્ડર મુદત પુરી થયેથી પરત કરવામાં આવશે.

22. ટેન્ડરમાં દર્શાવેલ આઈટમોનો જથ્થો આશરે છે જેમાં વધઘટ થઈ શકશે તેમ છે જેથી ટેન્ડરની આઈટમનાં જથ્થાનું કામ આપવા અંગેની કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી કે કોઈ ચોક્કસ રકમનું કામ કરાવવામાં આવશે તેવી કોઈપણ બાંહેધરી આપી શકાય નહીં. કોઈ એજન્સી આ રીતે કામ ન મળતાં બાબતે કોઈ કહેવાતા નફા – નુકશાન વગેરે અંગે કોઈપણ પ્રકારનો હક્ક, દાવો કરી શકશે નહી. તાકીદનાં કિસ્સામાં જે ઓછામાં ઓછા ભાવો મંજુર થાય તે ભાવ મુજબ દરેક એજન્સી પાસે આવું કામ કરાવવા માટે ખાતું સ્વતંત્ર રીતે નિર્ણય લઈ કામ કરાવી શકે છે. તથા આ બાબતે કોઈ દાદ ફરીયાદ કે તકરાર ચલાવી લેવાશે નહી.

23. સમારોહ અલગ અલગ સ્થળે કરવાનું હોય ઠેકેદારશ્રીએ દરેક સ્થળે પોતાના અધિકૃત પ્રતિનિધિ નિયુક્ત કરી તેની લેખિતમાં વિગતવાર વિગતો જેવી કે પૂરું નામ તથા સરનામું અને મોબાઈલ નંબર સાથે ખાતાના અધિકૃત કરેલ અધિકારીને જણાવવાનો રહેશે. (ફોટો આઈ.ડી/ રહેઠાણનો પુરાવો)

24. સમારોહ દરમ્યાન જે વસ્તુઓ ઘટ માલુમ પડશે અથવા કોઈપણ સંજોગોમાં કોઈપણ જાતનું નુકશાન થશે તો તેની જવાબદારી ઠેકેદારશ્રીની રહેશે.

25. સરકારી સમારોહ રાજ્યની પ્રતિષ્ઠાનાં પ્રતિબિંબ સમાન હોઈ ઉપરોક્ત બધા જ ઈલેક્ટ્રીક માલ – સામાન એ.સી. સિસ્ટમ વગેરે સારી જાતની ઉચ્ચ ગુણવત્તાવાળી તથા નીચે સહી કરનાર અથવા તેનાં પ્રતિનિધી પાસે સમારંભનાં સ્થળ પર મંજુર કરાવ્યા પ્રમાણેની તથા સારી રીતે સફાઈ થયેલી હોવી જરૂરી છે. તેમાં કોઈપણ જાતની છુટછાટ આપવામાં આવશે નહી.આ બાબત ખાસ ધ્યાને રાખવી જરૂરી છે.

26. હંગામી લાઈટીંગ, જનરેટર, એસી સિસ્ટમ, સાઉન્ડ સિસ્ટમ, એલ.ઈ.ડી. મલ્ટીમીડીયા, લાઈવ વિડીયોગ્રાફી વગેરે કામ કરનાર એજન્સીનાં અધિકૃત માણસો, મજુરો, મજુરોનું વર્તન આ કે અન્ય કચેરીનાં ઈન્ચાર્જ અધિકારી/ કર્મચારી તેમજ અન્ય મહાનુભાવો સાથે સભ્યતા ભર્યુ હોવું ખુબજ આવશ્યક છે.

27. ઈજારદારશ્રીની કામગીરીની ઝડપ અપેક્ષીત નહી હોય અને સુચનાં આપવા છતાં કોઈ સુધારો નહી થાય કે ખાતાને/ તંત્રને સંતોષકારક જણાશે નહી તેવા સંજોગોમાં પુરેપુરું કામ કે જરૂરીયાત પ્રમાણેનું બાકી રહેલુ દરેક કામ કોઈપણ ઈજારદારશ્રી પાસે તાત્કાલીક કરાવી શકાશે. જેમાં વાંધો લઈ શકાશે નહી અને આવી પરિસ્થિતિમાં ઈજારદારશ્રીની ડીપોઝીટ જપ્ત કરી કરારખત રદ કરવામાં આવશે.

28. કરાયેલ કામનું ચુકવણું સરકારશ્રીમાંથી નાણાંની પ્રાપ્તી થયેથી કરવામાં આવશે. ચુકવણાં માટે એજન્સીની કોઈપણ જાતની તકરાર તથા નાણાં વ્યાજ સાથે ચુકવવાની રજુઆત ધ્યાનમાં લેવામાં આવશે નહી. કોઈ વાંધો ગ્રાહ્ય રાખી શકાશે નહી. તેમજ ચુકવણું મોડું થવા બાબતે કોઈ દાવો કરી શકાશે નહી.

29. સમારોહનું કામ પૂર્ણ કર્યા પછી થયેલ કામ મુજબનું બીલ ચાર નકલમાં સંબંધીત પેટા વિભાગીય કચેરીઓમાં દિન – ૭ (સાત) માં રજુ કરવાનું રહેશે.

30. થયેલ કરારનો કોઈપણ સમયે કોઈપણ કારણ આપ્યા વગર ફેક્સ, ટેલીફોન કે મોબાઈલ મેસેજ થી નોટીસની જાણ કર્યાના ૩ કલાકમાં અંત લાવવાનો સરકારશ્રીનો હક્ક અબાધીત રહેશે.

31. અત્રેની કચેરીને ઉચ્ચ કક્ષાની કચેરીઓ તથા અધિકારીઓ સાથે સંબંધીત કાર્યવાહી કરવાની હોઈ સંજોગો આધીન કોઈપણ જાતની પૂર્વ લેખીત નોટીસ વગર મૌખીક કે ટેલીફોનીક કે મોબાઈલ સુચનાથી કોઈકાર્યવાહી કરાવવાની હોઈ તે સુચનાં મુજબ સત્વરે/ તાકીદથી કામ કરી આપવાનું રહેશે.

32. સ્થળ પર સમારોહનાં કામ માટે વપરાશમાં લેવાનાર વાયરો અને કેબલ શક્ય હોય ત્યાં સુધી જોઈન્ટ વગરનાં વાપરવાનાં રહેશે. અનિવાર્ય કિસ્સામાં જોઈન્ટ ઉપર બરાબર ટેપ અને ઈન્સુલેશન કરેલા હોવા જરૂરી છે. અને જો તેમાં લાપરવાહી ને કારણેકોઈ અકસ્માત અથવા દુર્ઘટનાં થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે એજન્સી રહેશે.

33. પ્રવર્તમાન નિયમાનુસાર તમામ ટેક્ષ સહીત ભાવ ભરવાના રહેશે. ઠેકેદારશ્રીને પ્રવર્તમાન નિયમોનુસાર વધારાનુ જી.એસ.ટી. નું ચુકવણુ કરવામાં આવશે.

34. ટેન્ડર સિવાયની વધારાની આઈટમની કામગીરી અને તેનાં ભાવો માટે સરકારશ્રીનાં પ્રવર્તમાન નિયમો મુજબ કામગીરી કરવાની રહેશે. તથા ટેન્ડર આઈટમનાં વધારાનાં જથ્થાનું કામ સક્ષમ અધિકારીશ્રી દ્વારા મંજુર થયેલા ટેન્ડરનાં ભાવોથી જો કામનો વ્યાપ વધારે હોય તો અન્ય ઈજારદાર પાસેથી કરાવવા સ્વતંત્ર રહેશે. જે માટે ઈજારદાર કોઈ વાંધો લઈ શકશે નહી.

35. વી.વી.આઈ.પી. કાર્યક્રમ અંતર્ગત સમારોહ અન્વયે તૈયારી માટે સંપૂર્ણ કામગીરી ૧૦:૦૦ કલાક પહેલા સંપૂર્ણ કરી અને ગ્રાઉન્ડનો કબજો આનુસંગીક ખાતાને સોંપી આપવાનો રહેશે.

36. કામગીરીની આઈટમનાં જથ્થામાં વહીવટી તંત્રની સુચનાં અનુસાર નોંધપાત્ર વધારો/ ઘટાડો થવાની શક્યતાં રહેશે. જે બાબતમાં ભવિષ્યમાં કોઈ જ વાંધો કે દાવો માન્ય રાખવામાં આવશે નહી.

37. આ કામગીરી દરમ્યાન સરકારી/ ખાનગી ઈમારત કે ઈલેક્ટ્રીક માલ – સામાન અને હંગામી લાઈટીંગ, જનરેટર, એ.સી. સિસ્ટમને કોઈ તોડફોડ નુકશાન કે આકસ્મિક આગ (જેવી કે શોર્ટ સર્કીટ), કુદરતી આફત, અકસ્માતથી કોઈપણ નુકશાન થાય તો તે અંગેની સઘળી જવાબદારી કામ રાખનાર ઠેકેદારશ્રીની રહેશે અને આ અંગે વીમો વગેરે ઉતારવાનો થતો હોય તો તે ઠેકેદાર પોતાનો ખર્ચે લેવાનો રહેશે. આ માટે કામ આપનાર ખાતાની જવાબદારી રહેશે નહી.

38. જરૂરી અગ્નિ શામક સાધન સામગ્રીની વ્યવસ્થા ઠેકેદારશ્રીએ કરવાની રહેશે. તથા તે માટે કોઈ અલગથી ચુકવણું કરવામાં આવશે નહી.

39. આ કામગીરી માટે ઈજારદારે લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલીશન) એક્ટ ૧૯૭૦ તથા તે હેઠળ ૧૯૭૨ ના ગુજરાત નિયમોની જોગવાઈઓ તથા કામદાર વળતર અધિનિયમ – ૧૯૨૩ તથા તે હેઠળનાં નિયમોની જોગવાઈઓ અનુસાર ઠેકેદારે રોકેલ મજુરોના કાયદેસરનાં હિતોની રક્ષા કરવાની તેમજ પ્રસ્તુત કાયદા અને નિયમો હેઠળ કરાયેલ સુવિધા/ સગવડો ઉપલબ્ધ કરવાનો પ્રાથમિક અને વૈધાનીક જવાબદારી મંજુરી કામે રાખનાર જે તે ઈજારદારશ્રીની રહેશે. અને આ કામગીરી દરમ્યાન કામદારોને થતાં અકસ્માતથી ઈજા થાય તો તે અંગેની સઘળી જવાબદારી વળતર સહીતની ઈજારદારશ્રીની રહેશે.

40. ટેન્ડર ભરનાર ઈજારદાર દ્વારા ખોટી માહિતી આપવાનું કે ખોટા પ્રમાણપત્ર, દસ્તાવેજ રજુ કર્યાનું ધ્યાને આવશે તો તે ઈજારદાર ગેરલાયક ઠરશે અને તેની બાનાની રકમ જપ્ત કરવામાં આવશે અને તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

41. મંજુર થયેલ ઈજારદારશ્રીનાં ભાવો મંજુર કરેલ તારીખથી જો શક્ય હશે તો બાર (૧૨) માસ સુધી અમલમાં રહેશે. સદર સમય મર્યાદા જરૂરીયાત અનુસાર નિયમોનુસાર લંબાવવાનો સરકારશ્રીનો હક્ક આબાધીત રહેશે. તેમજ ખાતાને જરૂરીયાત ઉપસ્થિત થાય ત્યારે મંજુર થયેલ ભાવોએ અન્ય પાસે પણ કામગીરી કરાવી શકાશે. જે અંગે એજન્સી કોઈપણ વાંધો લઈ શકશે નહી.

42. નિયત કરવામાં આવેલકામગીરી પૂર્ણ કરીને કાર્યક્રમનાં ૧૦:૦૦ કલાક અગાઉ સમગ્ર કામગીરીનું ટેસ્ટીંગ આપવાનું રહેશે.

43. એજન્સીએ કાર્યક્રમ માટેનું જરૂરી પ્રમાણપત્ર (એન.ઓ.સી.) સરકારશ્રીનાં આઈ.એમ.પી.ડી. વિભાગ અચુક મેળવવાનું રહેશે અને તે માટે કોઈ અલગથી ચુકવણું કરવામાં આવશે નહી.

44. આ ટેન્ડર પ્રક્રીયા દ્વારા વિભાગીય કચેરીનાં ઉપરોક્ત કામોનાં ભાવો નક્કી કરવામાં આવશે, જ્યારે કામ કરવાનું થશે ત્યારે જે તે કામગીરીનું અલગથી કરારનામું કરવાનું રહેશે.

45. કામનો વ્યાપ જો બહોળો હશે તો વિભાગને જરૂર જણાયેથી એક કરતાં વધુ એજન્સીઓને વહેંચીને કામગીરી સોંપવામાં આવશે/નક્કી કરવામાં આવશે અને જે તાત્કાલીક કામ કરવા તૈયાર હશે તેને કામગીરી સોંપવામાં આવશે.

46. ઉપરોક્ત ભાવ એક દિવસ માટે જ છે અને જો રીહર્સલ અથવા વધારાનાં દિવસોની કામગીરી કરવાની થાય તો ચાલુ એસ.ઓ.આર. ની જોગવાઈ મુજબ ભાવ ગણતરી કરવાનાં રહેશે.

47. આ ભાવો માત્ર સ્થાનિક, તાલુકા તેમજ જીલ્લા કક્ષાનાં અવાર નવાર અને અચાનક કરવાનાં થતાં કામો માટે જે માંગવામાં આવેલ છે. પરિસ્થિતિ, સંજોગો અને સમય મર્યાદા અનુસાર જરૂર જણાયેથી રાજ્ય કક્ષાના કે અન્ય વી.વી.આઈ.પી. મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાનાર કામો માટે અલાયદા ભાવો મંગાવવામાં આવશે. જે અંગે ઈજારદાર કોઈપણ વાંધો લઈ શકશે નહી. તદુપરાંત જે તે કામગીરીનાં બહોળા અનુભવ ધરાવતા અને પોતાનો માલ – સામાન ધરાવતાં ઈજારદારશ્રીઓને ખાસ પ્રકારનાં કામ સોંપવાની સત્તા વિભાગને અબાધિત રહેશે. સદર બાબત ઈજારદારને ગ્રાહ્ય રહેશે અને તેમાં કોઈપણ વાંધો લઈ શકાશે નહી.

48. કરારનાં સમયગાળા દરમ્યાન એજન્સીને કોઈપણ સમયે સોંપવામાં આવનાર કોઈપણ સ્થળની કોઈપણ કામગીરી સમય મર્યાદામાં કરવાની રહેશે અને તેમ કરવામાં ચુક થયેથી તેઓ વિરુધ્ધ નિયમાનુસાર શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. અને તેઓને આગળથી કોઇ જ કામગીરી આપવામાં આવશે નહી અને તે બાબત ઈજારદારને ગ્રાહ્ય રહેશે અને તેમાં કોઈપણ વાંધો લઈ શકાશે નહી.

49. વર્ષ દરમ્યાન કોઈપણ પ્રકારનાં લાયસન્સની અવધિ થતી હશે તો ૧ મહીના પહેલા વિભાગને જાણ કરવાની રહેશે અને પ્રોગ્રામ પહેલા રીન્યુઅલ કરવાની જવાબદારી એજન્સીની રહેશે.

50. એજન્સીને કામગીરી કાર્યક્રમની અગત્યતા અને એજન્સીના અનુભવ, ઈન્વેન્ટરી અને કુશળ મેનપાવરને ધ્યાને લઈ કામગીરી આપવામાં આવશે.

51. વી.વી.આઈ.પી. પ્રોગ્રામમાં ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ અનુસાર સંપૂર્ણપણે ગોપનીય અને સુરક્ષીત રાખવાની રહેશે.

52. પ્રોગ્રામ પૂર્ણ થયેથી તુરત જ ખાતાના પ્રતિનિધીની હાજરીમાં થયેલ કામનાં માપો લેવાના રહેશે. અન્યથા ખાતા તરફથી લીધેલ માપો માન્ય રાખવામાં આવશે. તેમજ તે અંગે કોઈ જાતની દાદ કે ફરીયાદ લેવામાં આવશે નહી.

53. કોઇ પણ વાદ વિવાદ સમયે ન્યાનિક કાર્યક્ષેત્ર અમદાવાદ રહેશે.

નોંધ - હું/ અમો જાહેર કરીએ છે કે હું/ અમો ટેન્ડરની શરતો, જોગવાઈઓ, વિસ્તૃત તાંત્રીક વિગતવાર વર્ણનો અને બધા જ દસ્તાવેજોનો અભ્યાસ કરેલ છે અને તે મુજબની કામગીરી કરવા માટે સહમત તેમજ બંધાયેલ છીએ.

ઠેકેદારની સહી તથા સિક્કો